# ૧૫મી ગુજરાત વિધાનસભા

# ચોથુ સત્ર

## બુધવાર, તા. ૨૧/૦૨/૨૦૨૪

## (આઠમો દિવસ)

## માંગણી નં:૭૪ પરની

## વાહનવ્યવહાર વિભાગની ચર્ચા

**GSRTC, RTO, Road Safety**

## શ્રી હર્ષ સંઘવી, માન.રા.ક.મંત્રીશ્રી

# I N D E X


| ક્રમ | વિગત | પાન.નં. |
|---|---|---|
| ૧. | **પ્રસ્તાવના** | ૦૨ |
| ૨. | GSRTC (ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ) | ૦૩ |
| | **૨.૧** એસ.ટી. પરિવાર | ૦૫ – ૦૭ |
| | **૨.૨** વિવિધ પ્રકારની બસો | ૦૮–૦૯ |
| | **૨.૩** બસ સ્ટેશનો | ૧૦ – ૧૧ |
| | **૨.૪** ટેકનોલોજી | ૧૨ – ૧૩ |
| | સ્વચ્છતા, "શુભ યાત્રા સ્વચ્છ યાત્રા" | ૧૪ – ૧૫ |
| ૩. | વાહન વ્યવહાર (RTO) | ૧૭ |
| | **૩.૧** ફેસલેસ સેવાઓ | ૧૭ |
| | **૩.૨** વાહન સ્ક્રેપીંગ પોલીસી | ૧૮ |
| | **૩.૩** ડીલર કક્ષાએ નવા વાહનોના રજીસ્ટ્રેશનની અમલવારી | ૧૯–૨૦ |
| ૪. | ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી | ૨૧ |
| | **૪.૧** બ્લેક સ્પોટ | ૨૧ |
| | **૪.૨** કેન્દ્ર પુરસ્કૃત ગુડ સમરીટન એવોર્ડ યોજના | ૨૨ |
| | **૪.૩** શાળાના અભ્યાસક્રમમાં માર્ગ સલામતી વિષયનો સમાવેશ | ૨૩ |
| ૫. | **સમાપન** | ૨૪ |

## (૧) પ્રસ્તાવના:-

**માનનીય અધ્યક્ષશ્રી,**

આજ રોજ હું સન્માનીય ગૃહ સમક્ષ આગામી નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટેના અંદાજપત્રમાં વાહનવ્યવહાર વિભાગ માટેની કુલ **૩૩૭૦.૩૩ કરોડ** ની જોગવાઈની માંગણીઓ રજૂ કરુ છું. મને એ જણાવતા આનંદ થાય છે કે વાહનવ્યવહાર વિભાગના ગત વર્ષના **૩૦૫૫.૧૯ કરોડ** સાપેક્ષે આગામી વર્ષમાં ૩.૩૧૫ કરોડનો વધારો મંજૂર કરવામાં આવેલ છે. રજુ કરવામા આવેલ બજેટ વાહન વ્યવહાર પ્રભાગના ઈતિહાસનું આજદિન સુધીનું સૌથી વધુ રકમનું બજેટ છે અને તે માટે હું માન. મુખ્યમંત્રીશ્રી તથા માન. નાણામંત્રીશ્રીનો આભારી છું.

વર્ષ ૨૦૨૪-૨૫ માટેની માંગણીઓ ઉપરની ચર્ચા દરમ્યાન સન્માનનીય સભાગૃહના માન.સભ્યશ્રીઓએ મૌલિક સુચનો, રજુઆતો કરેલ છે જેની નોંધ લીધી છે. અને જેઓએ આ ચર્ચામાં ભાગ લીધેલ છે તે તમામ સભ્યશ્રીઓનો હું આભાર વ્યકત કરું છું.

## (૨)GSRTC (ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ)

**માનનીય અધ્યક્ષશ્રી,**

વાહન વ્યવહાર વિભાગ હેઠળના GSRTC એટલે કે એસ.ટી.ની અદ્‌ભુત કામગીરી થઈ છે. ચોતરફ એસ.ટી.ની જ ચર્ચાઓ ચાલી રહી છે એટલે જ તો કહેવાનું મન થાય કે ...

**|| ये तो सिर्फ शुरुआत है,**

**मंजिल तो अभी बाकी है,**

**नापी है सिर्फ जमींन मुठ्ठी भर,**

**पूरा आसमान तो अभी बाकी है ||**

**માનનીય અધ્યક્ષશ્રી,**

જે પથ પર પથદર્શક દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી મોદી સાહેબ હોય જે પથ પર દાદાના આશીર્વાદ હોય અને ભામાશાનો સાથ હોય ત્યા મંજીલ મળવાની તો ગેરેન્ટી છે જ.

**માનનીય અધ્યક્ષશ્રી,**

માન. મુખ્યમંત્રીશ્રી સાહેબના માર્ગદર્શન હેઠળ વાહન વ્યવહાર વિભાગે એક મીશન નક્કી કર્યુ અને રાજ્યના વધુમાં વધુ નાગરિકોને સ્વચ્છ, આરામદાયક અને ઝડપી પરિવહન સેવા મળી રહે તે માટે વર્લ્ડ કલાસ લેવલની સિસ્ટમ બનાવવા મુખ્યત્વે ચાર પાયા પર વિચાર કરવામાં આવ્યો.

**૧. એસ.ટી. પરિવાર**

**૨. વિવિધ પ્રકારની બસો**

**3. બસ સ્ટેશનો**

**૪. ટેકનોલોજી**

# || ૨.૧ એસ. ટી. પરિવાર ||

**માન. અધ્યક્ષશ્રી,**

મારે વાત કરવી છે પ્રથમ પાયા સ્તંભ "**એસ. ટી. પરિવાર**"ની

- રાજ્યના છેવાડાના માનવીને અસરકારક અને સલામતરીતે પોતાના ગંતવ્ય સ્થળ સુધી પહોંચાડવાનું કોઇ અભિન્ન અંગ હોય તો તે છે એસ.ટી. ના મારા ડ્રાઈવર અને કંડકટર ભાઈઓ બહેનો...
- એસ.ટી. તંત્ર, તેના ડ્રાઈવર–કંડકટર અને અન્ય સ્ટાફ મળી કૂલ ૩૬૦૦૦ થી વધુના માનવબળનો આ પરીવાર છે કે જે વાર–તહેવાર, રાત–દિવસ જોયા વગર ગુજરાત રાજ્યનું જાહેર પરીવહન ધબકતુ રહે તે માટે સદા કાર્યશીલ છે.
- ***એસ.ટી પરિવારે દિવાળી તથા અન્ય તહેવારો સમયે પોતાના અને પોતાના પરિવારની ખુશીઓનો, તહેવારના આનંદનો ત્યાગ કરી Extra Trip દ્વારા ગુજરાતની સામાન્ય જનતાને દિવાળી અને અન્ય તહેવારો સમયે રાતદિવસ જોયા વગર પરિવહન સેવા પુરી પાડી છે. આવા તહેવારોના સમયે જ્યાં પ્રાઈવેટ વાહનો અનેક ઘણું ભાડુ વસુલે છે તેવા સમયે એસ.ટી. પરિવારે સામન્ય ભાડામાં લોકોને સુખદાયક મુસાફરી કરાવી છે. તેથી લોકોના જે રૂપિયા ભાડામાં બચ્યા તેના લોકોએ તહેવારોમાં પોતાના પરિવાર માટે ખર્ચ કરી શક્યા છે. આમ, અમારા એસ.ટી. પરિવારના ડ્રાઈવર અને કંડકટરોએ પોતાની ખુશીઓનો ત્યાગ કરી લોકોની ખુશીઓ માટેનું માદયમ બન્યા છે.***

- પરિવારના કોઈ પણ સભ્યને જો કોઈ નાનો મોટો પ્રશ્ન હોય તો પરિવારના મોભીનું પ્રાથમિક ઉત્તરદાયત્વ આ પ્રશ્નનો હકારાત્મક ઉકેલ લાવવાનું હોય છે. છેલ્લા એક વર્ષમાં રાજ્યની દાદાની સરકારે એસ.ટી. નિગમના ૩૬૦૦૦ થી વધુ કર્મચારીઓના પગાર, વિવિધ ભથ્થાઓ અને સવલતો અંગેના અનેક પ્રાણ પ્રશ્નોનો હકારાત્મક ઉકેલ લાવેલ છે.
- આજે એસ.ટી. નિગમના ડ્રાઈવર, કંડકટરને રાજ્ય સરકારના કર્મચારીને લગોલગ ૪૨% જેટલુ મોંઘવારી ભથ્થુ મળવા પામે છે. રાજ્ય સરકારશ્રીના આ એક માત્ર નિર્ણયથી એસ.ટી. નિગમના કર્મચારીઓને રૂ.૧૫૦ કરોડનો લાભ આપવામાં આવેલ છે.
- નિગમના કર્મચારીઓને નવીન સુધારેલ દરે ઘરભાડા ભથ્થુ મળતું થયેલ છે.
- નિગમમાં ૭૦૦૦ થી વધુ ફિક્સ પગારના કર્મચારીઓનો પગાર પહેલા રૂ. ૧૮,૫૦૦/- હતો તેમાં રૂ. ૭,૫૦૦/-નો વધારો કરી માસિક રૂ.૨૬,૦૦૦/- કરેલ છે એટલે કે કર્મચારીઓના પગારમાં ૪૦%થી પણ વધુનો વધારો કરવામાં આવેલ છે. રાજ્ય સરકારના ફિક્સ પગારના કર્મચારીઓને સમકક્ષ પગાર કરવામાં આવેલ છે કે જેના થકી નિગમના ફિક્સ પગારના કર્મચારીઓને  રૂ. ૫૨ કરોડથી વધુનો લાભ મળવા પામેલ છે.
- નિગમમાં ચાલુ ફરજે અવસાન પામેલ કર્મચારીઓના આશ્રિતોને નોકરી અથવા નાણાકીય પેકેજ મળે તે બાબતે સરકાર દ્વારા હકારાત્મક કાર્યવાહી હાથ ધરેલ છે. નિગમની નિતી અનુસાર વર્ષ ૨૦૧૧ પહેલા અવસાન પામેલ નિગમના ૨૪૦થી વધુ કર્મચારીઓના આશ્રિતોને કલાર્કની કક્ષામાં નિમણુક માટે નિમણુક આપવાની કાર્યવાહી નિગમ

દ્વારા હાથ ધરેલ છે. આગામી ટુંક સમયમાં આ ૨૪૦થી વધુ આશ્રિતોને નિમણૂંકપત્ર એનાયત કરવામાં આવશે.

આમ, માત્ર એક વર્ષમાં વિવિધ કામદારલક્ષી નિર્ણયો લઈ રૂ. ૩૦૦ કરોડ ની ચુકવણી કરવા માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારે નિર્ણયો કરવામાં આવેલ છે.

## ટાર્ગેટ:-

**વિભાગ દ્વારા હજુ વધુમાં વધુ લોકોને લાભ મળે તે માટે અમે આગામી સમયમાં** નિગમમા પ્રતિવર્ષ નિવૃત થઈ રહેલ ડ્રાઈવર તેમજ કંડકટરની સાથોસાથ **૭૦૦ નવા રૂટ** ચાલુ કરવા

**કુલ ૪૦૬૨ ડ્રાઈવર**

**૩૩૪૨ કંડકટર**

**૨૮૨૭ મિકેનિક**

**૧૬૯૬ કલાર્ક**

કુલ મળી **૧૧,૦૦૦ થી** વધુ કર્મચારીઓની ભરતી કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૪ના અંતે આ તમામ ૧૧૦૦૦થી વધુ કર્મચારીઓને નિમણૂંકપત્રો એનાયત થાય તે માટે રાજ્ય સરકાર અને એસ.ટી. નિગમ કટિબદ્ધ છે.

## || ૨.૨ બસ ||

**માનનીય અધ્યક્ષશ્રી,**

### બીજો પાયા સ્તંભ "**બસ**"

- આપણું માર્ગ વાહન વ્યવહાર નિગમ એ નાનામાં નાની લોકલ મીડી બસથી લઇ અત્યાધુનિક વોલ્વો બસ સહિતની તમામ ફ્લીટ ધરાવતી ૮૦૦૦ થી વધુ બસોનું સંચાલન કરે છે.
- વિદેશની ધરતી પર ચાલતી અત્યાધુનિક બસોમાં આપણાં ગુજરાતનો નાગરિક સવારી કેમ ના કરે ? તેવો વિચાર રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો અને રાજ્ય સરકારના માર્ગદર્શનમાં નિગમ દ્વારા કુલ્લી એર કંડીશન, લેટેસ્ટ ટેકનોલોજી ધરાવતી ડબલ ડેકર ઈલેક્ટ્રીક બસો જનતાની સેવામાં મુકવામાં આવેલ છે. વિદેશમાં પ્રસિદ્ધ "**ડબલ ડેકર બસ**" અને આપણી **ડબલ ડેકર બસ**માં લેસ માત્ર તફાવત નથી.
- માત્ર **૧૪ માસમાં રૂ. ૫૨૫ કરોડથી** વધુના ખર્ચે **૧૫૨૦ નવીન બસો** પ્રજાની સેવામાં મુકવામાં આવેલ છે. આ બસોમાં સ્લીપર કોચ, લકઝરી, સેમી લકઝરી, સુપર ડિલક્ષ અને મીડી બસનો સમાવેશ થાય છે.
- જો આ પ્રકારે ગણતરી કરીએ તો દર માસે **૧૦૦થી વધુ નવીન બસો** એટલે કે રોજની **૪ જેટલી બસો** પ્રજાની સેવામાં મુકવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી**

- નવી બસોની સાથે સાથે એક અન્ય મિશન શરૂ કરેલ છે જેમાં હયાત બસો પણ નવી બસો જેવી બને તે માટે અમે તેમા ડેન્ટીંગ અને પેન્ટીંગની કાર્યવાહી કરવાની ચાલુ કરેલ છે. છેલ્લા એક વર્ષમાં બસોના ડેન્ટીંગ, પેન્ટીંગ અને શીટ રીપેરીંગ તથા અન્ય રીપેરીંગની જરૂરિયાત જણાતા **૧૨૭૨ વાહનોમાં** કામગીરી કરવામાં આવેલ છે.

**<u>ટાર્ગેટઃ–</u>**

**માનનીય અધ્યક્ષશ્રી**

- આગામી ટુંક સમયમાં ૫૦૦થી વધુ નવીન બસો પ્રજાની સેવામાં મુકવાનું આયોજન છે.
- સાથો સાથ આગામી વર્ષમાં **૨૫૦૦ નવીન બસો** ખરીદવામાં આવશે કે જેનાથી **૭૦૦ જેટલા** નવા શિડ્યુઅલ થકી **૨૫૦૦ રૂટ** શરૂ કરવામાં આવશે.
- આ ઉપરાંત એસ.ટી. પરિવહનમાં એક પણ બસ તુટેલી ના રહે તે માટે **૧૦૦ દિવસમાં** તમામ બસોનું **ડેન્ટીંગ અને પેન્ટીંગની** કાર્યવાહી કરવાનું મિશન પણ હાથ ધરવામાં આવશે.

- એસ.ટી. બસોમાં સીટો ફાટેલી હશે તો એક જ અઠવાડીયામાં તેને રીપેર કરવાની કાર્યવાહી પણ મિશન તરીકે કરવામાં આવશે.

# || ૨.૩ બસ સ્ટેશનો ||

**માનનીય અદ્યક્ષશ્રી,**

હવે વાત કરીએ ત્રીજા પાયા સ્તંભ "**બસ સ્ટેશનો**"ની

બસોની સાથોસાથ બસ સ્ટેશનના ઈન્ફ્રાસ્ટ્રકચરમાં સુધારો થાય અને એરપોર્ટ પ્રકારના બસપોર્ટ રાજ્યની સેવામાં પ્રજા અર્પણ કરવા સરકાર કટીબદ્ધ છે.

- પાછલા એક વર્ષમાં **૧૧ બસ સ્ટેશનો અને ડેપોનું લોકાર્પણ** કરવામાં આવેલ છે. આ સુવિધાનો દૈનિક **૧ લાખ લોકો** લાભ લઈ રહ્યા છે.
- પીપીપી ધોરણે નિર્માણ પામેલ ભરૂચ અને ભૂજ ખાતે કુલ **રૂ. ૬૬ કરોડ**ના ખર્ચે બસ સ્ટેશનોના લોકાર્પણ કરવામાં આવેલ છે. જેનો લાભ અંદાજે **પ્રતિદિન ૭૪,૦૦૦ લોકો** લાભ લઈ રહ્યા છે.
- આ બસ સ્ટેશનો ઉપરાંત હયાત બસ સ્ટેશનો ઉપર પણ મુસાફરોની સુવિધા વધે તે માટે ૧૧૭ સ્થળો પર સિવિલ વર્કની કામગીરી કરવામાં આવેલ છે અને ૮૦ સ્થળો પર કામગીરી પ્રગતિ હેઠળ છે.
- **કરેલ કામગીરીની વિગત:-**

| કલર કામગીરી કરેલ બસ સ્ટેશનોની સંખ્યા | કલર કામગીરી કરેલ શૌચાલયની સંખ્યા | નવીન ફીટ કરેલ બેન્ચીસની સંખ્યા | શૌચાલયોમાં નવા મુકેલ વોશ-બેસીનની સંખ્યા | શૌચાલયમાં નવીન ફીટ કરેલ WC પાનની સંખ્યા | શૌચાલયમાં નવીન ફીટ કરેલ નળોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૬૬ | ૫૧ | ૧૦૨ | ૮૫ | ૨૦૧ | ૭૦૫ |

- આ ઉપરાંત બસ સ્ટેશનોની સફાઇ માટે ૨૪૯ હાઉસ કીપીંગ એજન્સીની નિમણૂક કરેલ છે.
- **સ્વચ્છતા ઝુંબેશ અંતર્ગત નિગમના ચાર મહાનગર અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરતના બસ સ્ટેશનો** ખાતે નિગમની ઓન રૂટ બસોની સફાઇ માટે ૨૪ x ૭ કલાક **૯૨૩ જેટલા સફાઈ કામદારો** મૂકવામાં આવેલ છે જે મુસાફર જનતાને મુસાફરી દરમ્યાન સ્વચ્છ બસની સુવિધા આપવાની એક મહત્વની પહેલ છે. આ પ્રકારની વ્યવસ્થા નિગમમાં પ્રથમવાર શરૂ કરવામાં આવેલ છે.
- આ ઉપરાંત બસોની સફાઇ માટે અગાઉ ૩૩૯ની જગ્યાએ સફાઇ કામદારોમાં વધારો કરી ૧૧૫૨ સફાઇ કામદારોની સેવા લેવામાં આવેલ છે.

## ટાર્ગેટ:-

- વિકાસની આજ શ્રૃંખલામાં કુલ **૪ ડેપો/બસસ્ટેશન**ના ખાતમુહુર્ત કરવામાં આવેલ છે તથા આ માસમાં **૧૫ ડેપો/બસસ્ટેશનના** ખાતમુહુર્ત કરવામાં આવશે.
- **માન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલની સરકારનો, ભારતીય જનતા પાર્ટીની સરકારનું નિર્ધાર છે કે** જે પ્રોજેકટનું ખાતમુહુર્ત જે સરકારમાં કરવામાં આવે છે તે જ સરકાર દ્વારા લોકાર્પણ કરવામાં આવે છે. આ જ નિર્ધારના ભાગરૂપ આગામી વર્ષમાં **કુલ ૨૭ ડેપો અને બસસ્ટેશન**નું નિર્માણ કાર્ય પુર્ણ કરી લોકાર્પણ કરવામાં આવશે.

## || ૨.૪ ટેકનોલોજી ||

**માનનીય અધ્યક્ષશ્રી,**

**અને હવે વાત છેલ્લા આધાર સ્તંભ એટલે કે "ટેકનોલોજી"ની...**

- ગુજરાત ટેકનોલોજીની દ્રષ્ટીએ દરેક ક્ષેત્રમાં કુદકે ને ભુસકે આગળ વધી રહ્યુ છે ત્યારે GSRTC પણ કદમથી કદમ મિલાવી સાથે ચાલી રહ્યું છે.
- પેસેન્જરને ટિકિટ બુક કરાવવાથી લઇ બસોની સફાઇ સુધીની દરેક બાબતમાં GSRTC દ્વારા ટેકનોલોજીનો બહોળો ઉપયોગ કરવામાં આવે છે.
- નિગમની બસોમાં મુસાફરોની સગવડતા વધારવાના ઉદ્દેશથી રાજ્યનો નાગરિક ઘેર બેઠા એક ક્લીકથી વેબસાઇટ તેમજ મોબાઇલ એપ્લીકેશન થકી ટીકીટ બુક કરાવી શકે, નિગમમાં ઇ–ગર્વનન્સનો વ્યાપ વધે તે હેતુથી ઓનલાઈન પેસેન્જર રીઝર્વેશન સીસ્ટમ અમલમાં મુકવામાં આવેલ છે. જેનો મુસાફરો દ્વારા બહોળા પ્રમાણમાં લાભ લેવામાં આવે છે.
- બસ સ્ટેશન પરથી મુસાફરો લાઇનમાં ઉભા રહ્યા વગર ટીકીટ મેળવી શકે તે માટે **ગીતામંદિર બસ સ્ટેશન તેમજ નહેરુનગર બસ સ્ટેશન ખાતે તા.૧૪/૧૨/૨૦૨૩નાં રોજ પ્રાયોગિક ધોરણે બે (૨) KIOSK ટીકીટીંગ મશીન મુકવામાં આવેલ છે.**
- મુસાફરો બસની અંદર જ ટીકીટીંગ મશીનમાં ડાયનામિક QR ના માધ્યમથી ડિજીટલ ટ્રાન્જેક્શન કરી ટિકિટ મેળવી શકે તેવી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. હાલ નિગમમાં આ પ્રકારના **૩૦૦૦ મશીનો** કાર્યરત કરવામાં આવેલ છે. જેના થકી આજદીન સુધી રૂ. ૫

કરોડનું બુકીંગ થવા પામેલ છે. આગામી ટુંક સમયમાં તમામ ૧૪૦૦૦થી વધુ મશીનો આ સેવાથી સુસજ્ઞ કરવામાં આવશે.

- સાથો સાથ મુસાફરની સુવિધા માટે **ઈ–વોલેટ અને UPI, Bharat QR પેમેન્ટ માધ્યમો દ્વારા કેશલેશ અને ડીઝીટલ ટ્રાન્ઝેકશનને** પ્રોત્સાહન આપવા કાર્યવાહી હાથ ધરેલ છે.
- આ જ પ્રકારે વિદ્યાર્થીઓને પાસ કઢાવવા બસસ્ટેશન ખાતે લાઇનમાં ન ઉભા રહેવું પડે અને ડીઝીટલ માધ્યમથી વિદ્યાર્થી પાસ મેળવી શકાય તે માટે **e-pass system નું launching** કરવામાં આવેલ.
- દિવ્યાંગો ઘેર બેઠા ટીકીટ મેળવી શકે તે હેતુથી ઇ–ટીકીટની શરૂઆત કરેલ છે અને એન્ડ્રોઇડ મોબાઇલ એપ્લીકેશનથી ટીકીટ બુક કરાવી શકાય તેવુ આયોજન કરવામાં આવેલ છે.

## ટાર્ગેટ:–

- આ બાબતને આગળ વધારતા આગામી સમયમાં વધુમાં વધુ ટેકનોલોજીનો ઉપયોગ કરી લોકોની મુસાફરી વધુ સરળ બને તેવા પ્રયત્નો કરવામાં આવનાર છે.
- **ટેકનોલોજીના** માધ્યમથી એક જ **મોબાઇલ એપ્લીકેશન** થકી નિગમની તમામ ડીઝીટલ સેવા ઉપલબ્ધ બને તેવા પ્રયત્નો હાથ ધરાનાર છે. જેના થકી **દરરોજ ૨૭ લાખ લોકો** બસની રાહમાં હોય ત્યાં તેઓને બસ વિશે **Real Time ઇન્ફોર્મેશન** મળી રહેશે.
- આ ઉપરાંત બસ ફ્રીકવન્સી તથા બસોનો લાઇવ રૂટ પણ જાણી શકાશે.
- આ ઉપરાંત બસ આવવાનો તથ અન્ય બાબતોના નોટીફીકેશન પણ મુસાફરને એપ્લીકેશન દ્વારા ઉપલબ્ધ બનશે.

# || સ્વચ્છતા, "શુભ યાત્રા સ્વચ્છ યાત્રા" ||

- નિગમના બસ સ્ટેશનો, કંટ્રોલ પોઈન્ટ, પ્રવાસી શૌચાલયો અને બસોની સ્વચ્છતા માટે યોગ્ય મોનીટરીંગની વ્યવસ્થા ઉભી થાય તે હેતુસર તા.૦૯/૦૮/૨૦૨૩થી નિગમ દ્ધારા મોનીટરીંગ, ઓડીટ અને તાલીમ ખાતાનું ગઠન કરવામાં આવેલ છે.
- મુસાફર જનતાને સ્વચ્છ બસ અને સ્વચ્છ બસ સ્ટેશનની ઉત્તમ સુવિધા આપી શકાય તે માટે નિગમના દ્ધારા તા.૦૨/૧૨/૨૦૨૩ના રોજથી "**શુભ યાત્રા સ્વચ્છ યાત્રા**"ના બેનર હેઠળ રાજ્ય વ્યાપી સ્વચ્છતા ઝુંબેશ શરૂ કરવામાં આવેલ છે.
- સ્વચ્છતા અભિયાનના ભાગરૂપ કરવામાં આવેલ **મુખ્ય કામગીરી**

| **સ્વચ્છતા શેરી નાટકની સંખ્યા** | **સ્વચ્છતા રેલી/દોડ** | **વોલ પેઈન્ટીંગની કામગીરી** | **વૃક્ષારોપણ થકી વાવેતર કરેલ રોપા** | **બ્લડ ડોનેશન કેમ્પ / એકત્રિત બ્લડ બોટલ** |
|---|---|---|---|---|
| ૧૧૪ | ૧૯૪ | ૧૦૭ | ૧૯૬૬ | ૧૧૯૨ |

- નિગમમાં કાર્યરત આ સ્વચ્છતા અભિયાન અને ત્યારબાદ પણ બસો, બસ સ્ટેશનો અને શૌચાલયોની સ્વચ્છતા અંગે QR Code ના માધ્યમથી મુસાફરો દ્ધારા નીચે મુજબના પ્રતિભાવ આપવામાં આવેલ છે.

| **બસોની સફાઇ** | **બસ સ્ટેશનોની સફાઇ** | **શૌચાલયની સફાઇ** |
|---|---|---|
| **કૂલ**–૯૩૫૯૭૭ | **કૂલ**–૮૬૪૩૪૭ | **કૂલ**–૮૫૩૨૬૨ |
| **સારો**–૯૨૦૩૭૩, (૯૮.૩૩%) | **સારો**–૮૩૭૭૮૬ (૯૬.૯૩%) | **સારો**–૮૦૨૭૭૧ (૯૪.૦૦%) |
| સામાન્ય –૧૨૧૯૨ | સામાન્ય–૨૨૭૮૨ | સામાન્ય–૪૦૩૫૪ |
| ખરાબ–૩૪૧૨ | ખરાબ–૩૭૭૯ | ખરાબ –૧૦૧૬૭ |

- સ્વચ્છતા અભિયાનના ભાગરૂપ **તા. ૦૧/૦૪/૨૦૨૪ થી નિગમના તમામ બસ સ્ટેશન પરથી પે–એન્ડ યુઝની સિસ્ટમ નાબુદ કરવાનો મહત્વનો નિર્ણય** કરવામાં આવેલ છે. આ નિર્ણયથી પે–એન્ડ યુઝ મારફત નિગમને મળતી રૂ. ૧ કરોડથી વધુની આવક ભલે ગુમાવવી પડે પરંતુ બસ સ્ટેશન પર મુસાફરોને પડતી નાની મોટી હાલાકીમાં ચોક્કસ ઘટાડો થશે.

આમ, એસ.ટી. પરિવાર/ બસ/ બસ સ્ટેશનો તથા ટેકનોલોજીના પાયા પર કામ કરવાથી ઘણી સિધ્ધી હાંસલ કરી શકયા છીએ.

- નવીન બસો સંચાલનમાં મુકાવાથી અગાઉ દૈનિક **૨૫ લાખ મુસાફરો** નિગમની બસોનો લાભ લેતા હતા તેમાં દૈનિક **૨ લાખ મુસાફરો**નો ઐતિહાસિક વધારો થવા પામેલ છે. આ આંકડા નિગમની સેવાની વિશ્વસનીયતાની ખાતરી પુરે છે.
- અત્યાધુનિક **ડબલ ડેકર બસ** એ ગુજરાત પરિવહનની શોભા વધારી રહી છે.
- "શુભ યાત્રા સ્વચ્છ યાત્રા" અભિયાન અંતર્ગત **૭૫૮૩** બસોમાં **કચરાપેટીની** સુવિધા પ્રાપ્ત કરી શક્યા છે. આ રીતે સ્વચ્છ અને સુવિધાયુકત બસો અને બસ સ્ટેશનોનો મુસાફરો લાભ લઈ રહ્યા છે.
- મુસાફરોને મુસાફરી દરમિયાન **શુદ્ધ પીવાનુ પાણી વિના મુલ્યે** મળી રહે તે હેતુથી **૪૦ સ્થળો ખાતે આર.ઓ. પ્લાન્ટ ઈન્સ્ટોલ** કરવામાં આવેલ છે જ્યારે અન્ય સ્થળો ખાતે કામગીરી પ્રગતી હેઠળ છે.
- ટેકનોલોજી ક્ષેત્રે ઓનલાઈન પેસેન્જર રીઝર્વેશન સિસ્ટમ થકી દિવાળીના સમયગાળામાં માત્ર એક જ દિવસમાં હાઈએસ્ટ ૧.૩૨ લાખ ઓનલાઈન ટીકિટ બુક કરવાનો રેકર્ડ ગુજરાત એસ.ટી. નિગમના નામે થયેલ છે.
- આમ, બધી કામગીરી થકી આજે દૈનિક મુસાફરો વધ્યા તે જ બતાવે છે કે એસ.ટી. પર ગુજરાતની **જનતાનો ભરોસો** વધ્યો છે
- આ ઉપરાંત ડ્રાઈવર, કંડકટર પણ બસોને પોતાની ગણી સ્વચ્છતા રાખે છે અને લોકો ને બસ સ્વચ્છ રાખવા અપીલ પણ કરે છે. આ રીતે તેમની વિચારસરણીમાં આમુલ પરિવર્તન આવ્યું છે.

# (૩) વાહન વ્યવહાર (RTO)

**માનનીય અધ્યક્ષશ્રી,**

રાજ્યની આર્થિક વિકાસની સાથે સાથે વાહનોની સંખ્યા તથા વાહન ચાલકોની સંખ્યામાં ઉતરોત્તર વધારો થઈ રહ્યો છે.

| ક્રમ | વર્ષ ૨૦૨૩માં થયેલ નોંધપાત્ર વિગત | સંખ્યા |
|---|---|---|
| ૧ | નવા વાહનની નોંધણી | ૧૮,૨૦,૮૭૨ |
| ૨ | નવા લાયસન્સ ઈસ્યુ | ૧૬,૪૧,૯૭૭ |

## ૩.૧ ફેસલેસ સેવાઓ:-

**માનનીય અધ્યક્ષશ્રી,**

આપણા લોકલાડીલા વડાપ્રધાન માન. શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના વિઝનથી ડીજીટલ ગુજરાત- ડિજિટલ ભારત અંતર્ગત રાજ્યની તમામ કચેરીઓને ઇન્ટરનેટ થકી અદ્યતન કરવામાં આવી અને વાહનવ્યવહાર ખાતાએ રાજ્યની તમામ આર.ટી.ઓ.ની વાહન તથા લાયસન્સ સબંધિત ૮૦% સેવાઓ ને કેન્દ્ર સરકારના **NIC** દ્વારા સંચાલિત સારથી ૪.૦ અને વાહન ૪.૦ જેવી એપ્લીકેશન દ્વારા ઓનલાઈન ઉપલબ્ધ કરાવેલ છે.

વાહન વ્યવહાર વિભાગ દ્વારા વાહન તથા લાયસન્સ સેવા સંબંધીત જેવી કે

- વાહન માલિકીની તબદીલી
- ડુપ્લીકેટ આર. સી.
- લાયસન્સ રીન્યુઅલ
- લાયસન્સ સરનામામાં ફેરફાર વગેરે વગેરે

**કુલ–૨૦ સેવાઓ** ફેસલેસ ધોરણે આપવામાં આવી રહેલ છે. **વર્ષ–૨૦૨૩માં ૮,૭૪,૧૧૮** જેટલા નાગરીકોએ આ ફેસલેસ સેવાઓનો લાભ લીધેલ છે.

ફેસલેસ સેવાઓના કારણે કચેરી ખાતે પણ કામગીરી વધારે અસરકારક**,** ઝડપી અને પારદર્શક બની છે.

## ૩.૨ વાહન સ્ક્રેપીંગ પોલીસી: -

**માનનીય અધ્યક્ષશ્રી,**

જુના અનફિટ વાહનોએ અકસ્માતનું મોટું કારણ બને છે ઉપરાંત પ્રદુષણ પણ ફેલાવે છે. ગુજરાત સરકાર રોડ સેફ્ટીના મુદ્દે નોંધનીય કામગીરી કરતી આવી છે. આવા અનફિટ વાહનો નો યોગ્ય નિકાલ થાય એ માટે વાહન સ્ક્રેપીંગ પોલીસીનું ૧૩ ઓગસ્ટ–૨૦૨૧ના રોજ માન. વડાપ્રધાનશ્રીના હસ્તે ગાંધીનગર ખાતે અનાવરણ કરવામાં આવેલ.

માન.અધ્યક્ષશ્રી તમારુ જૂનુ વાહન કે જે એકદમ બંધ હાલતમાં હોય અને જેનુ વેચાણ શક્ય ન હોય ત્યારે આપણી પાસે તેને ભંગારમાં આપવા સિવાય અન્ય કોઇ વિકલ્પ રહેતો નથી આ સંજોગોમાં આ વાહનના વળતર પેટે પણ નજીવી રકમ મળે છે. માન.વડાપ્રધાનશ્રીએ આ માટે પણ દૂરંદેશી વિચાર કર્યો અને સમગ્ર દેશમાં વાહન સ્ક્રેપિંગ પોલીસીની શરૂઆત કરી.

**તે અંતર્ગત એક વર્ષના સમયગાળા માટે સ્ક્રેપીંગ ફેસેલીટીમાં સ્ક્રેપ થતાં આઠ વર્ષથી વધુ વયમર્યાદા ધરાવતા વાહનો પર ના બાકી ટેક્ષ,પેનલ્ટી અને વ્યાજ ની અંદાજીત ૭૦૦ કરોડ જેટલી રકમ માફ કરવા સરકારશ્રી દ્વારા જાહેરાત કરવામાં આવેલ છે.**

રાજ્યમાં કુલ પાંચ સ્ક્રેપીંગ ફેસીલીટીને મંજુરી આપવામાં આવેલ છે. તેની વાર્ષિક સ્ક્રેપીંગ ક્ષમતા ૩.૦૦ લાખ વાહનો સ્ક્રેપ કરવાની છે.

આ સ્કીમ હેઠળ સ્ક્રેપ થનાર વાહનો સામે નવા નોંધાતા વાહનો પર નોન ટ્રાન્સપોર્ટ વાહનો માટે ૨૫% અને ટ્રાન્સપોર્ટ વાહનો માટે ૧૫% સુધીની મોટર વાહન કર માફી આપવા હેતુ સરકારશ્રી દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

**વાહન સ્ક્રેપીંગ પોલીસીના મુખ્ય હેતુઓ/ફાયદાઓ નીચે મુજબ છે.**

(૧) માન્ય ફિટનેસ અને નોંધણી વગરના વાહનોને સ્ક્રેપ કરીને પ્રદૂષણમાં ઘટાડો

(૨) માર્ગ, મુસાફરો અને વાહનોની સલામતીમાં સુધારો

(૩) ઓટો સેક્ટરના વેચાણને વેગ આપવો અને નવી રોજગારીની તકોનું સર્જન કરવું

(૪) બળતણ કાર્યક્ષમતામાં સુધારો અને વાહન માલિકો માટે જાળવણી ખર્ચમાં ઘટાડો

(૫) હાલમાં અનૌપચારિક વાહન સ્ક્રેપેજ ઉદ્યોગને ઔપચારિક બનાવો

(૬) ઓટોમોટિવ, સ્ટીલ અને ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગ માટે ઓછી કિંમતના કાચા માલની ઉપલબ્ધતાને પ્રોત્સાહન આપવું.

## ૩.૩ ડીલર કક્ષાએ નવા વાહનોના રજીસ્ટ્રેશનની અમલવારી: -

**માનનીય અધ્યક્ષશ્રી,**

- અગાઉ આપણે વાહન ખરીદ્યા બાદ ઘણાં દિવસ પછી નંબર પ્લેટ ઉપલબ્ધ થતી હતી.
- પરંતુ હાલમાં વાહન ખરીદ્યા બાદ **HSRP** નંબર પ્લેટ ફિટ કરી વાહનોને વાહન માલિકને સોંપવાનો નિર્ણય સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ છે.

- ડીલર પોઈન્ટ રજીસ્ટ્રેશનની અમલવારી થયેથી ડીસેમ્બર–૨૦૨૩ સુધીમાં કુલ ૬,૨૦,૫૩૦/– વાહનોને રજીસ્ટ્રેશન નંબર આ પધ્ધતિથી ફાળવવામાં આવેલ છે.

## ટાર્ગેટ:–

## માનનીય અધ્યક્ષશ્રી

અમારો વિભાગ એક મિશન તરીકે જેમ પાસપોર્ટ એક દિવસમાં ઘરે પહોંચી જાય છે તેમ લાઈસન્સ પણ મહાનગરો માં એક દિવસમાં અને અન્ય જગ્યાએ ૪૮ કલાકમાં મળી રહે તે દિશામાં અમે કામગીરી કરી રહ્યા છે.

# (૪) ગુજરાત રોડ સેફટી ઓથોરિટી

## માનનીય અધ્યક્ષશ્રી,

રાજ્યમાં માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા તથા માર્ગ સલામતી સંબંધમાં કામગીરી કરવા માટે ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી એક્ટ, ૨૦૧૮ અન્વયે ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી નામની વૈધાનિક સંસ્થાની રચના કરવામાં આવેલ છે. ઓથોરિટી માર્ગ સલામતીની બાબતમાં રાજ્યની લીડ એજન્સી હોઈ રાજ્યમાં માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા નામદાર સુપ્રિમ કોર્ટ કમિટી ઓન રોડ સેફ્ટીના દિશાનિર્દેશોનું પાલન કરાવવાનું, તેનું મોનિટરીંગ કરવાનું અને સંકલન કરવાનું મહત્વનું કાર્ય ઓથોરિટી દ્વારા કરવામાં આવે છે. ગુજરાત રાજ્યમાં માર્ગ અકસ્માતો ઘટાડવા આપવામાં આવતાં દિશાનિર્દેશોનો અમલ, નેશનલ અને સ્ટેટ રોડ સેફ્ટી પોલિસીના અમલ અને મોનિટરીંગ કરવાનું કાર્ય કરે છે.

### ૪.૧ બ્લેક સ્પોટ:-

- વર્ષ ૨૦૨૨-૨૩ સમયગાળા દરમ્યાન વર્ષ-૨૦૨૨માં આખરીકરણ કરેલ બ્લેક સ્પોટના સુધારણાની કામગીરી અર્થે **૭૦** બ્લેક સ્પોટની સંયુક્ત મુલાકાત કરવામાં આવેલ છે. જેના સુધારણાત્મક પગલાંઓ લેવા માટે સંબંધિત વિભાગોને અહેવાલ મોકલી આપેલ છે.
- જિલ્લાઓમાં થતા માર્ગ અકસ્માતોનું વિશ્લેષણ કરી જે સ્ટ્રેચ પર વધુ ગંભીર માર્ગ અકસ્માતો થતા હોય તે સ્ટ્રેચ પર સુધારણાત્મક પગલાંઓ લેવા તેમજ માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા માટે સંબંધિત જિલ્લા માર્ગ સલામતી સમિતિને સૂચના આપવામાં આવે છે.
- રાજ્યમાં સ્ટેટ ટ્રાફિક બ્રાંચ, ગાંધીનગર તરફથી મળેલ બ્લેકસ્પોટની વિગતને રોડ સેફ્ટી ઓથોરિટી દ્વારા જિલ્લા માર્ગ સલામતી સમિતિ સંકલન થકી **વર્ષ ૨૦૧૯-૨૦-૨૧** અંતિત **૨૬૫ જેટલાં બ્લેકસ્પોટનું** આખરીકરણ કરીને તેની સુધારણા માટે સંબંધિત વિભાગો દ્વારા પગલાં લીધા બાદ **કુલ ૬૨ બ્લેક સ્પોટ** રહ્યા નથી, જેથી ઘણાં લોકોનો જીવ બચાવી શકાયો છે.

- આ ઉપરાંત, **વર્ષ ૨૦૨૦-૨૧-૨૨**ના સમયગાળાના **નવા ૮૭ નવાં** સ્થળોને **બ્લેક સ્પોટ** તરીકે ઓળખવામાં આવ્યા છે, જેના પર સુધારાત્મક પગલાં લેવાઈ રહ્યા છે.
- **વર્ષ ૨૦૧૨ની સરખામણીમાં વર્ષ ૨૦૨૨માં રાજ્યમાં માર્ગ અકસ્માતોની સંખ્યા ૪૪% અને માનવમૃત્યુની સંખ્યામાં ૨.૫% ઘટાડો કરી શકાયો હતો.**

## ૪.૨ કેન્દ્ર પુરસ્કૃત ગુડ સમરીટન એવોર્ડ યોજના:-

**માનનીય અધ્યક્ષશ્રી**,

- ભારત સરકારના માર્ગ અને પરિવહન મંત્રાલય દ્વારા જીવલેણ માર્ગ અકસ્માતોમાં ગંભીર રીતે ઘવાયેલા વ્યક્તિઓને ગોલ્ડન અવરમાં હોસ્પિટલ/ટ્રોમા-કેર સેન્ટરમાં સારવાર માટે પહોચાડવામાં મદદરૂપ થનાર વ્યક્તિને "**ગુડ સમરીટન એવોર્ડ**" થી સન્માનિત કરવા માટેની કેન્દ્ર પુરસ્કૃત યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત મદદ કરનાર વ્યક્તિને ગુડ સમરીટન તરીકે **રૂ.૫,૦૦૦** ના રોકડ પુરસ્કાર સાથે પ્રશંસાપત્ર એનાયત કરવામાં આવે છે.
- ગુડ સમરિટન એવોર્ડ યોજના અંતર્ગત રોડ સેફ્ટી ઓથોરિટીની કચેરી દ્વારા નવેમ્બર-૨૦૨૩ અંતિત કુલ **૩૦ લાભાર્થીઓના** ઈનામની રકમ બેન્ક ખાતામાં સીધા જમા કરવામાં આવેલ છે તેમજ પ્રમાણપત્ર આપવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી**

- મારૂ માનવું છે કે આ ખુબ જ મોટી સમાજ સેવા છે વધુ માં વધુ લોકોને આ બાબતથી અવગત કરાવવા જોઈએ અને અહીંયા બેઠેલા બધાજ **ધારાસભ્યશ્રીઓને હું અપીલ કરુ છુ** કે આ બાબતમાં દરેક સભ્યશ્રીએ પોતાનું યોગદાન આપવું જોઈએ અને સમાજમાં આ બાબતે જાગૃતિ લાવવી જોઈએ.

## ૪.૩ શાળાના અભ્યાસક્રમમાં માર્ગ સલામતી વિષયનો સમાવેશ:–

**માનનીય અધ્યક્ષશ્રી**,

- માર્ગ સલામતી બાબતે શાળા કક્ષાએ જ વિદ્યાર્થીઓ નિયમો તથા માર્ગ સલામતી પ્રત્યે સજાગ થાય તે હેતુસર **ધોરણ–૬ થી ૯ ના સામાજિક વિજ્ઞાન** તથા **ધોરણ ૧૧ ના ગુજરાતી (પ્રથમ ભાષા)**ના પાઠ્યપુસ્તકમાં સમાવેશ કરેલ છે.
- **આગામી શૈક્ષણિક સત્ર ૨૦૨૪–૨૫**થી ધોરણ ૧૦ સામાજિક વિજ્ઞાન અને ધોરણ ૧૨ ગુજરાતીમાં સમાવેશ થશે. માર્ગ સલામતી વિષયક પ્રકરણનો સમાવેશ કરવામાં આવેલ હોઈ શાળાઓમાં ભણાવવામાં આવશે.

## (૫) સમાપન:-

**મારૂ વકતવ્ય પુરુ કરતા પહેલા,**

**સભાગૃહમાં દરેક ધારાસભ્યશ્રીને જણાવવા માગુ છુ કે આપના વિસ્તારનું પ્રતિનિધિત્વ કરો છો તો આપના વિસ્તારમાં લોકહિતમાં જરૂરી હોય તેવી બે ટ્રીપ આપ સજેસ્ટ કરી શકો છો નિગમ તે અંગે જરૂરથી કાર્યવાહી કરશે.**

આમ, એસ.ટી. ના હુલામણા નામે ઓળખાતું આપણું ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ મુસાફરોને સમયસર અને આરામદાયક મુસાફરીની સાથે સ્વચ્છ અને સલામતીના ધ્યેય સાથે સેવાઓ પુરી પાડી ખરા અર્થમાં કલ્યાણ રાજનો અર્થ સિધ્ધ કરે છે તથા વાહન વ્યવહાર ખાતું સરકારની મહેસૂલી આવકનું અને રોડ સેફટી ઓથોરીટી એક્સીડેન્ટ ઓછા થાય તેવી અને લોકજીવ બચાવવાની ઉમદા કામગીરી કરી રહ્યુ છે ... **આથી આ વિભાગની માંગણીમા તો કાપ દરખાસ્ત ના જ હોય**

જય જય ગરવી ગુજરાત....

ભારત માતાકી જય ....

-------------